CITY pulse

email: citypulse@gujaratmitra.in

ગુજરાતમિત્ર

શુક્રવાર ૨૪ જુલાઈ, ૨૦૨૬ ૭

# મોતના માતમ વચ્ચે માનવતાની મહેક

# તમારો એક નિર્ણય અન્યને આપશે નવજીવન

# અંગદાન મહાદાન

## વડોદરા સહિત સમગ્ર ગુજરાતમાં આજે અંગદાન અને દેહદાન પ્રત્યેની જાગૃતિ સતત વધી રહી છે, જે રૂઢિચુસ્ત માન્યતાઓ સામે વિજ્ઞાનનો વિજય દર્શાવી રહ્યો છે

માણસ આ દુનિયામાં ખાલી હાથે આવે છે અને ખાલી હાથે જાય છે, પરંતુ જો તે ધારે તો પોતાના મૃત્યુને પણ કોઈના જીવનનો મહોત્સવ બનાવી શકે છે. સામાન્ય રીતે કોઈ સગાના અવસાન બાદ ઘરમાં આક્રંદ, શોક અને રુદનનો માહોલ હોય છે અને સ્મશાનયાત્રાની તૈયારીઓ થતી હોય છે. પરંતુ, આ જ કપરી ક્ષણોમાં જ્યારે કોઈ પરિવાર પિતૃશોક કે માતૃશોક ભૂલીને 'માનવતા' નો વિચાર કરે છે, ત્યારે સમાજમાં એક નવો ઈતિહાસ રચાય છે. વડોદરા સહિત સમગ્ર ગુજરાતમાં આજે અંગદાન અને દેહદાન પ્રત્યેની જાગૃતિ સતત વધી રહી છે, જે રૂઢિચુસ્ત માન્યતાઓ સામે વિજ્ઞાનનો વિજય દર્શાવે છે. ઘણા નાગરિકો આજે પણ અંગદાન અને દેહદાનને એક જ સિક્કાની બે બાજુ સમજે છે, પરંતુ વાસ્તવિકતામાં બંને વચ્ચે મોટો તફાવત છે. અંગદાન એ 'જીવંત રાખવાનું માધ્યમ' છે, જે માત્ર હોસ્પિટલમાં દર્દીને 'બ્રેઈન ડેડ' જાહેર કરાય ત્યારે જ શક્ય બને છે. તેનાથી હૃદય, કિડની, લિવર અને આંખો જેવા અંગો દ્વારા ૭ થી ૮ લોકોને નવું જીવન મળે છે. બીજી તરફ, દેહદાન એ 'જ્ઞાનનો અમર સ્ત્રોત' છે. જ્યારે વ્યક્તિનું ઘરમાં કુદરતી મૃત્યુ થાય, ત્યારે તેના આખા પાર્થિવ દેહને મેડિકલ કોલેજના વિદ્યાર્થીઓના પ્રેક્ટિકલ અભ્યાસ અને સંશોધન માટે સોંપવામાં આવે છે. એક દેહદાન ભવિષ્યના ૨૫૦ થી વધુ ડોક્ટરોને માનવ શરીરની રચના સમજવામાં આજીવન મદદરૂપ બને છે. ઘણા પરિવારોના મનમાં ડર હોય છે કે મેડિકલ કોલેજમાં શરીર સાથે કેવો વ્યવહાર થશે ? પરંતુ સત્ય એ છે કે તબીબી વિદ્યાર્થીઓ આ પાર્થિવ દેહને પોતાના પ્રથમ ગુરુ એટલે કે 'સાઈલન્ટ ટીચર' માને છે. એનાટોમી વિભાગમાં શરીરને લાંબા સમય સુધી સાચવવા માટે ખાસ કેમિકલની પ્રક્રિયા કરવામાં આવે છે. વિદ્યાર્થીઓ માનવ શરીરની નસો, સ્નાયુઓ અને હાડકાંની જટિલ રચનાને પ્રત્યક્ષ જોઈને સર્જરીના પાઠ શીખે છે. જો આ મૃતદેહો ન મળે, તો ભવિષ્યના ડોક્ટરો માત્ર પુસ્તકીય જ્ઞાન મેળવી શકશે, જે દર્દીઓ માટે જોખમી સાબિત થઈ શકે. કુદરતી મૃત્યુના કિસ્સામાં ૬ થી ૮ કલાકની સમય મર્યાદાની અંદર જ પાર્થિવ દેહને હોસ્પિટલના એનાટોમી વિભાગ સુધી પહોંચાડવો પડે છે, નહિતર શરીર અભ્યાસ માટે યોગ્ય રહેતું નથી.

દેહદાન
|| મરણોત્તર મહાદાન ||

આ પ્રક્રિયામાં ભારતીય કાયદા મુજબ પરિવારની સંમતિ સર્વોપરી છે. વ્યક્તિએ જીવતેજીવ ગમે તેટલા ફોર્મ ભર્યા હોય, પરંતુ મૃત્યુ બાદ પરિવારના સભ્યોની અંતિમ લેખિત મંજૂરી વિના તબીબો દેહનો સ્વીકાર કરી શકતા નથી. વળી, એક સારી બાબત એ છે કે મૃત્યુના પ્રથમ ૨ થી ૪ કલાકમાં ચક્ષુદાન કર્યા બાદ પણ તે જ શરીરનું દેહદાન કાયદેસર રીતે સ્વીકાર્ય છે. જો મૃત્યુ અકસ્માત, આત્મહત્યા કે હત્યાના કારણે થયું હોય અને તેના પર પોસ્ટમોર્ટમ કરવું પડ્યું હોય, તો મેડિકલ કોલેજ બોડી સ્વીકારવાનો ઈનકાર કરી શકે છે. આ ઉપરાંત, જો મૃતક વ્યક્તિ HIV, હિપેટાઈટીસ-B કે C, ગેંગરીન કે અન્ય કોઈ ગંભીર ઘાતક ચેપી રોગોથી પીડાતી હોય, તો પણ તબીબી સુરક્ષાના કારણે દેહદાન અશક્ય બને છે. આપણા સનાતન ધર્મમાં મહર્ષિ દધીચીનો દાખલો સર્વોપરી છે, જેમણે લોકકલ્યાણ માટે દેવતાઓને પોતાની અસ્થિઓનું દાન કરી દીધું હતું. સ્મશાનમાં જઈને જે શરીર પાંચ તત્વોમાં વિલીન થઈને રાખ બની જવાનું છે, તે જો હોસ્પિટલની લેબમાં જઈને વિજ્ઞાનનો પાયો બને તો તેનાથી મોટું કોઈ પુણ્ય હોઈ શકે નહીં. ગુજરાતનું ભાવનગર આજે સમગ્ર દેશમાં દેહદાનમાં મોખરે છે, જ્યાં અત્યાર સુધીમાં અંદાજિત ૧૦૦૦ કરતાં પણ વધુ દેહદાન સ્વીકારવામાં આવ્યા છે. ત્યારે વડોદરામાં પણ સયાજી હોસ્પિટલ, ગોત્રી મેડિકલ કોલેજ અને પારુલ યુનિવર્સિટીના માધ્યમથી દર વર્ષે ૫૦ થી વધુ દેહદાન સ્વીકારીને આ પ્રગતિશીલ અને વૈજ્ઞાનિક વિચારને વેગ આપી રહ્યું છે.



### દેહદાન માટે શું છે નિયમો-પ્રક્રિયા ?

બરોડા મેડિકલ કોલેજ અને એસ.એસ.જી. હોસ્પિટલના એનાટોમી વિભાગ દ્વારા દેહદાન સ્વીકારવામાં આવે છે, જેના મુખ્ય નિયમો નીચે મુજબ છે.

**સમય મર્યાદા** મૃત્યુ થયાના ૬ કલાકની અંદર મૃતદેહ હોસ્પિટલ પહોંચાડવો અનિવાર્ય છે. ઉનાળાની ઋતુમાં ગરમીને કારણે શરીર જલ્દી ખરાબ થતું હોવાથી જેટલું વહેલું શક્ય હોય તેટલું જલ્દી પહોંચાડવું જરૂરી છે.

**મૃત્યુનો પ્રકાર ।** દેહદાન માટે મૃત્યુ કુદરતી હોવું જોઈએ. જો કોઈ પોલીસ કેસ, અકસ્માત કે શરીરમાં ઊંડો ઘા હોય તો તેવા મૃતદેહ સ્વીકારાતા નથી, શરીર સંપૂર્ણ સુરક્ષિત હોવું જરૂરી છે.

**રજીસ્ટ્રેશન અને દસ્તાવેજ** હોસ્પિટલમાં અગાઉથી ફોર્મ ભરી રાખી શકાય છે. આ સાથે એક આઈડી પ્રૂફ અને ફોટાની જરૂર પડે છે.

**સગા-સંબંધીઓની હાજરી** મૃતદેહ લાવનાર વ્યક્તિ મૃતકનો નજીકનો સગો (પુત્ર, પુત્રી, પત્ની વગેરે) હોવો જોઈએ અને તેણે પણ પોતાનું આઈડી પ્રૂફ આપવાનું રહે છે.

### બ્રેઈનડેડ જીગર મહેતાની લીવર-કિડનીએ અન્યનો જીવ બચાવ્યો

તાજેતરમાં GMERS ગોત્રી હોસ્પિટલમાં પ્રથમ અંગદાન કરવામાં આવ્યું હતું. જે એક ઐતિહાસિક પહેલ હતી. વિષ્ણુકુંજ સોસાયટીના ૪૦ વર્ષીય જીગર મહેતા ૮ જુલાઈએ ગંભીર માર્ગ અકસ્માતનો ભોગ બન્યા હતા. જીએમઈઆરએસ ગોત્રીથી શરૂ કરીને તેઓ સ્ટર્લિંગ હોસ્પિટલમાં દાખલ થયા, જ્યાં સર્જરી છતાં તેમને બ્રેઈન ડેડ જાહેર કરાયા. ત્યારબાદ તેમને પુનઃ જીએમઈઆરએસ ગોત્રી લાવવામાં આવ્યા, જ્યાં પ્રોટોકોલ મુજબ બ્રેઈન ડેડનું પ્રમાણપત્ર મેળવવાની તમામ પ્રક્રિયાઓ સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવી હતી. એપોલો હોસ્પિટલ, અમદાવાદની ટીમ દ્વારા લીવર અને બંને કિડની સફળતાપૂર્વક મેળવવામાં આવ્યા, જ્યારે આંખો ગોત્રી આઈ બેંકને અપાઈ. દાનવીર જીગર મહેતા પાછળ પત્ની, માતા-પિતા અને એક નાની પુત્રીનો પરિવાર શોકાતુર સ્થિતિમાં છોડી ગયા છે.મેડિકલ સુપરિન્ટેન્ડેન્ટ ડો. અનૂપ ચંદનાનીના જણાવ્યા મુજબ, SOTTO સાથે સતત સંકલન રાખીને તમામ કાનૂની અને તબીબી પ્રોટોકોલનું ચુસ્તપણે પાલન કરવામાં આવ્યું હતું. હૃદય પ્રત્યારોપણ માટે યોગ્ય ન હોવાથી માત્ર લીવર અને કિડની જ રિકવર કરવામાં આવ્યા હતા. અંગોને ઝડપથી અમદાવાદ પહોંચાડવા માટે ખાસ ગ્રીન કોરિડોર બનાવવામાં આવ્યો હતો.

### ધ્રુનાલીબેન પટેલના પરિવારજનોનો માનવતાવાદી અભિગમ

વર્ષ ૨૦૨૨ માં વડોદરાની ભાઇલાલ અમીન જનરલ હોસ્પિટલ ખાતે ૩૭ વર્ષીય ધ્રુનાલીબેન પટેલને બેભાન હાલતમાં દાખલ કરવામાં આવ્યા હતા. તેઓ અગાઉ રુમેટોઇડ આર્થરાઈટિસ અને ITPની સારવાર હેઠળ હતા. સીટી-એમઆરઆઈ તપાસમાં તેમને 'બ્રેઈન સ્ટેમ ઇન્ફાર્ક' હોવાનું નિદાન થતાં તબીબોએ તેમને બ્રેઈન ડેડ જાહેર કર્યા હતા. આ મુશ્કેલ સમયમાં પતિ રાકેશભાઈ અને પરિવારજનોએ અંગો સારી સ્થિતિમાં હોવાથી અંગદાન કરવાનો પ્રેરણાદાયી નિર્ણય લીધો હતો, જેને હોસ્પિટલના ડો. સચિન જૈને માનવતાની સૌથી મોટી ભેટ ગણાવી હતી. ધ્રુનાલીબેનના આ અંગદાનથી દેશભરના પાંચ જરૂરિયાતમંદ દર્દીઓને નવજીવન સાંપડ્યું છે. તેમના અંગોનું વિતરણ વિવિધ શહેરોમાં કરવામાં આવ્યું હતું, ધ્રુનાલીબેન અને તેમનો પરિવાર સમાજ માટે એક અનુકરણીય ઉદાહરણ પૂરું પાડ્યું છે.

### વડોદરાના પાનવલકર પરિવારે પિતાની અંતિમ ઈચ્છા પૂર્ણ કરી

વડોદરાના ગણેશવાડી વિસ્તારમાં રહેતા પાનવલકર પરિવારે સમાજ સમક્ષ માનવતા અને પરોપકારનું અનોખું ઉદાહરણ પૂરું પાડ્યું છે. પરિવારના મોભીના અવસાન બાદ તેમના પુત્ર શ્રીપાદ પાનવલકર અને પુત્રી મનીષાબેને પિતાની અંતિમ ઈચ્છાને માન આપી બરોડા મેડિકલ કોલેજમાં તેમનું દેહદાન કર્યું હતું. તબીબી અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને પ્રાયોગિક જ્ઞાન મળી રહે અને સંશોધનમાં મદદરૂપ થઈ શકાય તેવા ઉમદા આશયથી આ નિર્ણય લેવાયો હતો.મૃતકે વર્ષ 2016માં જ દેહદાન માટેનું ફોર્મ ભરી પોતાની ઈચ્છા વ્યક્ત કરી હતી. વિશેષ વાત એ છે કે આ પરિવારમાં દેહદાનની પરંપરા વર્ષોથી ચાલે છે. અગાઉ જુલાઈ ૨૦૨૫માં શ્રીપાદભાઈના માતાનું નિધન થતાં તેમનું પણ દેહદાન કરાયું હતું. ઉપરાંત, તેમના કાકાએ પણ દેહદાન કરી તબીબી ક્ષેત્રને સહયોગ આપ્યો હતો.

### સંઘર્ષમય જીવન વ્યતિત કરનારા તરસાલીના વૃદ્ધનું અંગદાન કરાયું

વડોદરા શહેરના તરસાલી વિસ્તારમાં રહેતા એક પરિવારે પોતાના મોભીના દેહદાન સાથે આખા પરિવારે ભવિષ્યમાં દેહદાન કરવાનો અતૂટ સંકલ્પ લીધો છે. મૂળ મુંબઈના વતની અને વર્ષ ૨૦૧૮થી વડોદરા સ્થાયી થયેલા ૮૨ વર્ષીય ચંદ્રકાંતભાઈ કેશવલાલ ક્ષત્રિયનું અવસાન થતાં, તેમના પરિવાર દ્વારા બરોડા મેડિકલ કોલેજમાં તેમનું દેહદાન કરવામાં આવ્યું છે. ચંદ્રકાંતભાઈનું જીવન સંઘર્ષોથી ભરેલું હતું. તેઓ જ્યારે ધોરણ ચારમાં અભ્યાસ કરતા હતા ત્યારે જ તેમની આંખોમાં અંધાપો આવી ગયો હતો. આમ છતાં, ક્યારેય હિંમત ન હારતા તેમણે દરજીકામ કરીને પોતાનું જીવન સંઘર્ષમય રીતે વિતાવ્યું હતું અને પરિવારને સાચવ્યો હતો.તરસાલીના શાંતિનગર વિસ્તારમાં રહેતા અને ખાનગી કંપનીમાં નોકરી કરતા ચંદ્રકાંતભાઈના પુત્ર પ્રતિકભાઈ ક્ષત્રિયએ જણાવ્યું હતું કે, તેમના પિતાએ અગાઉથી જ દેહદાનનો સંકલ્પ કર્યો હતો. આ માનવતાવાદી પહેલને આગળ વધારતા માત્ર પ્રતિકભાઈ જ નહીં, પરંતુ તેમનાં માતા, સ્વયં પ્રતિકભાઈ, તેમના ધર્મપત્ની તેમજ પરિવારના ૭ વર્ષના માસૂમ દીકરાએ પણ ભવિષ્યમાં પોતાના દેહદાનનો સંકલ્પ લીધો છે. સાત વર્ષની નાની વયના બાળકના પરિવાર દ્વારા લેવાયેલો આ સંકલ્પ સમગ્ર સમાજ માટે એક નવો રાહ ચીંધનારો સાબિત થયો છે.

# વડનગરની હેરીટેજ વૉક અને આર્ટ વર્કશોપ

## ઇતિહાસ, સંસ્કૃતિ-સર્જનાત્મકતાનો સંગમ



જ્યારે કલાકાર વારસાને નજીકથી અનુભવે છે, ત્યારે કેનવાસ પર માત્ર ચિત્ર નથી ઊતરતું, પરંતુ ઈતિહાસ જીવંત બની જાય છે."ગુજરાતના ગૌરવ સમાન ઐતિહાસિક નગર વડનગરમાં યોજાયેલ હેરીટેજ વૉક અને લાઈવ આર્ટ વર્કશોપ દરેક કલાકાર માટે એક યાદગાર અનુભવ બની રહ્યો. અતુલ્ય વારસો, ગુજરાત ટુરિઝમ અને લાઈવ સ્ટડી ગ્રુપના સંયુક્ત આયોજન હેઠળ યોજાયેલા આ કાર્યક્રમમાં રાજ્યભરના 35 જેટલા પસંદગીનાકલાકારોને આમંત્રિત કરવામાં આવ્યા હતા. તેમાં વડોદરાના વરિષ્ઠ કલાકાર તરીકે મને પણ વિશેષ આમંત્રણ મળ્યું, જે મારા માટે ગૌરવની વાત હતી.18 જુલાઈની વહેલી સવારે અમદાવાદથી સ્પેશિયલ બસમાં કલાકારો વડનગર પહોંચ્યા. શ્રી હાટકેશ્વર મહાદેવ મંદિરના પવિત્ર પરિસરમાં તિલક, વડનગરનો ખેસ અને મોઢું મીઠું કરાવી સૌનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું. દરેક કલાકારે પોતાનો પરિચય આપ્યો અને સર્જનાત્મકતાથી ભરપૂર દિવસની શરૂઆત થઈ.

**વિશેષ આકર્ષણ** ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના બાળપણ સાથે જોડાયેલી ચાની કીટલી તેમજ તેમણે અભ્યાસ કરેલી 'પ્રેરણા' પ્રાથમિક શાળા અને હાઈસ્કૂલની મુલાકાત કાર્યક્રમનું વિશેષ આકર્ષણ રહી.



"વારસો માત્ર જોવાનો વિષય નથી, તેને અનુભવીને સર્જન દ્વારા જીવંત રાખવાનો સંકલ્પ જ સાચી કલાકારી છે."
**મહેન્દ્રસિંહ દેવધરા,**
આર્ટિસ્ટ

### કેનવાસ પર ઉતર્યો વડનગરનો વારસો

બપોરના ભોજન બાદ હાટકેશ્વર મહાદેવ મંદિરના પરિસરમાં કલાકારોએ લાઈવ સ્કેચિંગ અને પેઇન્ટિંગ કર્યું. મંદિરની શિલ્પકલા, પ્રાચીન સ્થાપત્ય અને આસપાસનું આધ્યાત્મિક વાતાવરણ કલાકારોની પીંછીમાં જીવંત બની ઊઠ્યું. બે-ત્રણ કલાકમાં તૈયાર થયેલા ચિત્રોમાં વડનગરની ઐતિહાસિક ઓળખ સુંદર રીતે ઝળકી. હેરીટેજ વોક દરમિયાન વડનગરના ગૌરવશાળી વારસાને નજીકથી જોવાનો અવસર મળ્યો. શ્રી હાટકેશ્વર મહાદેવ મંદિર, પ્રાચીન મંદિરો, બૌદ્ધ અવશેષો, જૈન દેરાસરો, ઐતિહાસિક કીર્તિ તોરણ, શર્મિષ્ઠા તળાવ, તાના-રીરી સ્મારક અને વડનગર રેલવે સ્ટેશનની મુલાકાતે સૌ મંત્રમુગ્ધ થઈ ગયા. મહાદેવની દિવ્ય આરતી અને ત્યારબાદ યોજાયેલા લાઇટ એન્ડ સાઉન્ડ શોએ સમગ્ર વાતાવરણને અલૌકિક બનાવી દીધું. પ્રકાશ, સંગીત અને ઇતિહાસના સમન્વયે વડનગરનો વારસો આંખો સામે જીવંત થઈ ઊઠ્યો.

### શ્રવણ સેવા ફાઉન્ડેશન દ્વારા 'પ્રોજેક્ટ ખુશહાલી' અંતર્ગત નવતર પ્રયાસ

# સરકારી હોસ્પિટલના બિછાને સારવાર લેતા બાળકોના જીવનમાં રંગ પૂરી કલાત્મકતા ખીલવી

વડોદરામાં આવેલી મધ્યગુજરાતની સૌથી મોટી સરકારી SSG હોસ્પિટલના બાળરોગ વિભાગમાં સારવાર લઈ રહેલા બાળકોના જીવનમાં ઉત્સાહનો રંગ પૂરવા માટે શ્રવણ સેવા ફાઉન્ડેશન દ્વારા પ્રોજેક્ટ ખુશહાલી શરૂ કરવામાં આવ્યો છે. જે અંતર્ગત બાળકોને વિવિધ ચિત્રમાં રંગ પૂરવા, રસપ્રદ વાર્તા કહેવી, પપેટ સ્ટોરી ટેલિંગ જેવા પ્રયોગો કરીને તેમને મોબાઈલ સ્ક્રિનથી દૂર રાખીને તેમની કલાત્મકતા ખીલવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. સંસ્થાના ફાઉન્ડર નીરવ ઠક્કરનું કહેવું છે કે, ખેલવા-કૂદવાની ઉંમરે બાળકોની સારવાર ચાલતી હોવાથી તેમના માટે આ સમય કંટાળાજનક હોય છે. આ સમયમાં તેમના જીવનમાં ઉત્સાહ પૂરવા માટે અમારા દ્વારા આ પ્રોજેક્ટ ખુશહાલી શરૂ કરવામાં આવ્યો છે. આ પ્રોજેકટમાં SSG હોસ્પિટલના સુપ્રીટેન્ડેન્ટ ડો. રંજન ઐયર સાહેબનો સકારાત્મક અભિગમ સાંપડ્યો હતો.







### બાળકોએ અદમ્ય ઉત્સાહ બતાવ્યો

આ અંગે પ્રોજેક્ટ હેડ વાચા પંડ્યાએ જણાવ્યું કે, પ્રોજેક્ટ ખુશહાલીમાં અમારી ટીમ બાળકો માટે ચિત્રો, રંગ અને પાટિયું લઇને જાય છે. અને બાળકો જોડે બેસીને તેમની જોડે ચિત્રકામ કરાવવામાં આવે છે. આ કાર્ય કરવામાં બાળકોએ અદમ્ય ઉત્સાહ બતાવ્યો છે. આ સાથે જ બાળકોને રસપ્રદ રીતે વાર્તા કહેવી, તેમને અન્ય ક્રિએટિવ એક્ટિવીટીમાં જોડવા સહિતના કાર્યો પણ કરવામાં આવે છે.

### 25 જેટલા બાળકોને વિવિધ એક્ટિવીટીમાં જોડાયા

સમગ્ર પ્રોજેક્ટ ખુશહાલી અંગે શ્રવણ સેવા ફાઉન્ડેશનના નિરવ ઠક્કર જણાવે છે કે, અમે સરકારી હોસ્પિટલમાં જરૂરિયાતમંદ લોકો અને બાળકોને નિયમીત સ્વાદિષ્ટ ભોજનસેવા આપી રહ્યા છીએ. દરમિયાન અમારી ટીમના ધ્યાને આવ્યું કે, ખેલવા-કૂદવાની ઉંમરે હોસ્પિટલમાં સારવાર દરમિયાન તેઓ મોટા ભાગનો સમય મોબાઇલ સ્ક્રિન તથા તેમના સગા જોડે વાત કરવામાં વિતાવવા મજબૂર હોય છે.